02035

# ગીત લેખન માર્ગદર્શિકા

MOD

14

# ગીતલેખન માર્ગદર્શિકા

લેખન :
ડૉ. સરૂપ ધ્રુવ

## 'ગીતલેખન તાલીમ શિબિર'

તા. 1, 2, 3 ઓગસ્ટ, 1998

સરદાર પટેલ સ્મારક ભવન, શાહીબાગ, અમદાવાદ.

આયોજન : 'દર્શન'

દર્શન

સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબધ્ધ સંગઠન

A - 9/4, સહજાનંદ ટાવર્સ, ઓવરબ્રિજના છેડે, જીવરાજ પાર્ક, અમદાવાદ - 380 051

'DARSHAN'
B-2/1, Sahjanand Towers,
Nr. Jivraj Park Cross Roads,
Jivrajpark, Vejalpur Road,
Ahmedabad-380 051

# ગીતલેખન માર્ગદર્શિકા (પોથી)

## અનુક્રમ


૧. ભૂમિકા 2
ગીત લેખન-પોથીનો હેતુ :
ક. સ્વૈચ્છિક સંગઠનોનાં કાર્યકર્તાઓને 2
ખ. તમારે માટે આ ગીતલેખન પોથી 3
ગ. શિક્ષક મિત્રો સાથે બે વાત 4

૨. આપણાં ગીતોની ખૂબી 5
આપણા કવિને શું જોઇએ ?

૩. ગીતનો કસબ 8
૧. ગીતની વ્યાખ્યા 8
૨. ગીતનું સ્વરૂપ 8
૩. નમૂનાનાં ગીતો 9

૪. ગીતમાં માપ : મેળ અને માત્રા 11
શું છે આ માત્રા ?

૫. પ્રાસ 14
(ક) અન્ત્યાનુપ્રાસ
(ખ) વર્ણાનુપ્રાસ

૬. કેટલાક ઉપયોગી માત્રામેળ છંદો 17
૧. દોહરો
૨. હરિગીત
૩. ઝૂલણાં
૪. ભુજંગી
૫. મનહર
૬. રોળા
૭. કુંડળિયા
૮. ચોપાઇ
૯. સવૈયા એકત્રીસા
૧૦. કટાવ

૭. ઢાળ 22

૮. અજમાવી જોજો ! 23

૯. ચેતતાં રહેજો 24

૧૦. નવેસરથી 25

# ૧. ભૂમિકા

## ગીતલેખન - પોથીનો હેતુ

### ક. સ્વૈચ્છિક સંગઠનોનાં કાર્યકર્તાઓને :

લોક પાસે ભરપૂર સર્જનશક્તિ હોય છે. પોતાના અનુભવો, પ્રશ્નો, લાગણીઓ અને વિચારોને પ્રગટ કરવા લોકો જાતજાતનાં ગીતો, દૂહા, કથાઓ, કથાગીતો, આખ્યાનો, ભજનો.....જેવાં સ્વરૂપો અજમાવતાં જ આવ્યા છે; જે આપણા વારસારૂપ છે, આપણી લોક-પરંપરા છે.

આવા લોકસાહિત્ય - સર્જનની વાત જરા વાર પછી કરીએ ને આપણા મુદ્દાની વાત ઉપાડીએ; તો પણ લોક - સર્જન - શકિતની વહેતી, છલકાતી સરવાણીનો અનુભવ તો ઠેર ઠેર થાય છે. આપણાં, સ્વૈચ્છિક સંગઠનોના કાર્યક્ષેત્રની જ વાત લઈએ: સભા - સંમેલન હોય, મેળા કે ખાસ ઉજવણીના દિવસો હોય,- જેમ કે, મહિલા દિન, પર્યાવરણ દિન - રેલી કે ધરણાં હોય, મોરચા કે દેખાવો હોય.... કે પછી આપણાં જ વર્તુળોનાં પ્રવાસ-પર્યટન હોય : આપણે ગીતો ગાઈએ છીએ, ગરબે ઘૂમીએ છીએ, ડાયરા યોજીએ છીએ - જેમાં આપણા કાર્યક્ષેત્રના મુદ્દાઓ, પ્રશ્નો, પીડાઓ, સંઘર્ષ અને પડકારની વાતો ગાજતી-ગૂંજતી હોય છે. કાર્યકર્તા ભાઈ-બહેનો માટે હવે ગીતો બનાવવાં, ગાવાં, ગવડાવવાં એ કંઈ નવી વાત નથી રહી. આવાં ગીતો-ગરબાઓ અસરકારક પણ બન્યાં છે. એના દ્વારા લોકશિક્ષણ, જાગૃતિ અને લડતનાં કામ પણ સફળ રીતે થતાં આવ્યાં છે. છેલ્લા દોઢ બે દાયકામાં સ્વૈચ્છિક સંસ્થાઓમાં ગીતો જાણે અનિવાર્ય બની ગયાં છે.

આમ છતાં, કાન માંડીને સાંભળીએ તો શું જણાય છે ?...

- ક્યારેક આપણા મુદ્દા કે પ્રશ્નોનો માત્ર ખડકલો 'ગવાઈ' રહ્યો હોય એવું લાગે.
- તો ક્યારેક મારી મચડીને ભાષણને જ રાગ-ઢાળમાં બેસાડી દીધું હોય એવું લાગે.
- ક્યારેક પ્રાસ ન બેસતા હોય.
- તો ક્યારેક લય, ઢાળનું ધ્યાન રાખવામાં આવ્યું ન હોય.
- ક્યારેક અઘરા-આલંકારિક શબ્દોના ખોટા ઠાઠ - શણગાર સંભળાય જેને કારણે મુદ્દો પાછળ રહી જાય.
- તો ક્યારેક જૂના થયેલા- ન વપરાતા શબ્દપ્રયોગો થયા હોય.
- ક્યારેક કલ્પનાશક્તિ ખૂટી જતી લાગે ને પરિણામે ગીત સાવ નિરસ, પોકળ અને ફિક્કું થઈ જાય.
- તો ક્યારેક મુદ્દાઓનું નકામું-નિરર્થક પુનરાવર્તન થતું લાગે.

......આ ને આનાથી વધારે પ્રશ્નોનો સામનો આપણે સૌ ગીત લખનારાં-ગવડાવનારાંઓને કરવો પડતો હોય છે. આ બધાંયની ઉપરવટ જાય એવો સવાલ તો એ હોય છે કે ગીતની જરૂર હોય, આપણી અંદર કાંક ઉથલપાથલ પણ થતી હોય પણ કશોક સંકોચ-કશીક શરમ-કશુંક નડતર એવું સાલતું હોય કે કલમ જ ઉપડતી ન હોય ! હૈયે હોય પણ હોઠે ન આવે એવું !

આવે વખતે શું કરીશું ? માથે હાથ દઈને બેસી રહીશું ? હથિયાર (કલમ) હેઠાં મેલી દઈશું ? કે પછી આપણને જરૂરી ગીતો બીજાં કોઈએ લખ્યાં હોય એની ભાળ કાઢવા દોડાદોડ કરી મૂકીશું ? કહેવાતા 'મોટા' કવિને 'ભાઈબાપા' કરીશું ? પણ એને બદલે આપણે જાતે જ કમર કસીએ તો કેવું ?

આપણામાંની જ, આપણી જ સૂતેલી સર્જનશક્તિને ઢંઢોળીએ, ઝાંખી પડેલી વાટને સંકોરીએ, ધોધમાર સર્જકતાને યોગ્ય વળાંક આપીએ, વેરવિખેર વિચારો-લાગણીઓને શિસ્તબદ્ધ બનાવીએ, કઢંગી કડીઓને ઘાટઘૂટ આપીએ; આપણી વાતને - આપણા સંદેશને વધુ સચોટ, વધુ અસરકારક અને વધુ પ્રસારલાયક બનાવીએ તો વધુ સારું નહિ ?

અલબત્ત, આ માટે જરૂર છે ચોક્કસ તાલીમની, જરાક સરખા માર્ગદર્શનની અને ઢગલાબંધ પ્રોત્સાહનની.

## ખ. તમારે માટે આ ગીતલેખન - પોથી :

આપણે ત્યાં પેલી કહેવત તો બહુ જાણીતી છે : મન હોય તો માળવે જવાય ! ગીત સર્જનમાં પડેલાંઓ અને સર્જન કરવા ઈચ્છા રાખનારાંઓ, ગીતો દ્વારા વિકાસ, શિક્ષણ, જાગૃતિ અને પરિવર્તનની વાત કરવા માગનારાંઓ; તેમ જ રચના અને સંઘર્ષના રસ્તે માથું મેલીને ઝંપલાવનારાંઓના પ્રયત્નોને સુવ્યવસ્થિત કરવા, તેમને તક્નિકી દિશામાં કંઈક સ્પષ્ટતા થાય - સહાય મળે - સૂચન મળે એવા આશયથી આ લેખન-પોથી તૈયાર કરી છે. સર્જકતાથી થનગનતાં મિત્રો તો હવે અચૂક જોવા મળે છે અને હવે એની સંખ્યા ઉત્તરોત્તર વધતી જવાની; કેમકે આપણી 'આપણાં ગીતો' માટેની તાકીદ વધતી જવાની, જરૂરિયાત વધતી જવાની. મન તો બધાંયને હશે ગીતસર્જનનું..... પણ ખોટ સાલતી હશે ક્યાંક આવા કેડી ચિંધામણની !..... તો આ લેખન-પોથી પેલા 'માળવે' પહોંચવાની કેડી બની રહે એવી તમન્ના !

આ નાનકડી પોથીમાં અમે માત્ર ગીત-લેખનનો કસબ સમજાવવાનો જ પ્રયાસ નથી કર્યો, પરંતુ સ્વૈચ્છિક ક્ષેત્ર તેમ જ વૈકલ્પિક શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલાં મિત્રોને વ્યાપક રીતે સર્જકતાને જોવાનો ઈશારો પણ કર્યો છે. આ ઉપરાંત....

- ગીતનું સ્વરૂપ તક્નિકી રીતે સમજાવવાની કોશિશ કરી છે.
- ગીત અને તેની સાથે જોડાયેલાં ગરબા, ગરબી, રાસ, રાસડા, કથાગીત, આખ્યાન, બારમાસી, મહિના, જોડકણાં, ઊખાણાં, ફટાણાં, ખાયણાં, રાજિયા, મરસિયા, રમ્મતગીતો, દૂહા, છંદ, શલોકા, હૂડા, ભજન.... જેવાં વિવિધ પદ્યરૂપોનો પરિચય આપીને આપણા કાર્યક્ષેત્રમાં એને અજમાવી જોવાની જરૂરિયાત તેમ જ પદ્ધતિ-બંને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.
- આ સિવાય, સાહિત્યિક ગીત, લોકગીત અને 'આપણાં ગીત'ની સમજૂતી સાથેની વ્યાખ્યા સ્પષ્ટ કરી છે.

અલબત્ત, આવો પ્રયાસ માત્ર સ્વૈચ્છિકક્ષેત્રમાં જ નહિ; ગુજરાતભરના સાહિત્ય અને શિક્ષણજગતમાં પણ પહેલવહેલી વાર થઈ રહ્યો છે. અમારા આ સાહસને તમારો સહકાર અને સૂચનો સાંપડશે તો ભવિષ્યમાં 'આપણાં ગીતો'નું કામ જ વધુ સ-રસ અને સક્ષમ રીતે થશે, એવું કહેવાની જરૂર ખરી ?

અને છેલ્લે... આ પ્રયાસ દ્વારા અમે સર્જનશક્તિ વિશેની કેટલીક સાચી વાતો, સીધી રીતે જાહેરમાં મૂકવા પણ માગીએ છીએ. જેમ કે.....

- સર્જનશક્તિ કંઈ અમુક કે તમુક જાતિ-વર્ણ, ભણેલાં કે વિદ્વાનોનો જ ઈજારો નથી.
- સર્જનશક્તિ અને તેમાંથી નિપજતું ગીત-લેખન કંઈ 'ઈશ્વરી બક્ષિસ', 'વારસાગત કલા', 'સાહિત્યિક ચમત્કાર' નથી... કે નથી કોઈ બેજવાબદારીભર્યો, વ્યક્તિગત, 'ડાબા હાથનો ખેલ' !
- સર્જકશક્તિ માનવમાત્રમાં રહેલી સહજ, સ્વાભાવિક, ભાવનાત્મક સૂઝસમજનું પ્રગટ - શબ્દરૂપ છે. જેમાં વૈચારિક સ્પષ્ટતા, જીવન અને કાર્યના અનુભવોનો નિચોડ તેમ જ કસબ સંકળાય તો કલાકૃતિ નિપજે જ છે; એવું અમે માનીએ છીએ.

- આ કસબ દરેક માણસ શીખી શકે : જેમ ગણિત, વિજ્ઞાન, નૃત્ય આદિ શાસ્ત્રો ને કલાઓ શીખી શકાય તેમ જ.
- જરૂર છે - ધગશની અને તાલીમની. પોતાની સૂઝસમજ અને અનુભવોને સાંકળવાની ધીરજની. જેમને માટે સર્જન થયું છે તેમને તે કેટલું પહોંચ્યું છે તે જાણવાની તૈયારીની. અને ઠેઠ સુધી પહોંચાડવા માટે 'છેક-ભૂંસ-લખ'ની કસરતની.

## ગ. શિક્ષક મિત્રો સાથે બે વાત :

આમ તો તાલીમ અને ટેક્નિક બાબતે ગીત લેખન શીખવા માંગતા દરેક જણ સાથે સરખી જ કક્ષાએ કામ કરવાનું છે; પણ 'ગીત' પ્રત્યેનો દષ્ટિકોણ અને તેની ભાષા તેમ જ અંદરની સામગ્રી વિશે, શિક્ષકભાઈ-બહેનો સાથે થોડી અલગ વાત કરવાની રહે છે.

આપણાંમાંથી ઘણાંખરાંને ખબર હશે કે શિક્ષણ - ખાસ કરીને, પ્રાથમિક શિક્ષણ સાથે ગીત-સંગીતને જોડવાના ખ્યાલની શરૂઆત ગિજુભાઈએ કરી ત્યાર પહેલાં, કવિ દલપતરામે 'હોપ વાંચનમાળા'માં તે સમયે જ શરૂ થયેલી 'નવી કેળવણી'ના સંદર્ભે આપણા પરંપરાગત પદ્ય-સ્વરૂપોનો ઉપયોગ કરવાની શરૂઆત કરેલી. અર્વાચીન શિક્ષણની શરૂઆતના એ સમયમાં જીવનલક્ષી, પ્રકૃતિલક્ષી વિષયો ઉપરાંત ઇતિહાસ-ભૂગોળ-વનસ્પતિશાસ્ત્રના 'પાઠ' પણ પદ્યમાં લખાતા. સામાન્ય જ્ઞાન અને 'બોધક વાતો' પણ ગીતો દ્વારા થતી. એને વિશે વિગતવાર વાત આપણે આગળ ઉપર કરવાનાં જ છીએ પણ અહીં એ મુદ્દો એટલા માટે છેડ્યો છે કે, આજથી ૧૫૦ વર્ષ પહેલાં પાઠ્યપુસ્તકલક્ષી અભ્યાસક્રમ ઉપરાંત પણ જીવનને લગતાં ઘણાં પાસાંથી બાળકો-કિશોરોને માહિતગાર કરવા પદ્યરૂપ-સંગીત સ્વરૂપો વાપરવાની શરૂઆત થઈ ચૂકી હતી. ગિજુભાઈના સમયમાં અને તે પછી લાંબા કાળ સુધી, જ્ઞાન સાથે ગમ્મતને સાંકળવા અને બાળકની કલ્પાનાશક્તિ, જીવનશક્તિને પોષવા-ખિલવવા ગીતસંગીત પ્રયોજાયાં. આજે જ્યારે 'ભાર વિનાના ભણતર'ની વાતો શરૂ થઈ છે ત્યારે ગીત-સંગીત ઉપર નવેસરથી ભાર મૂકાતો થાય એ સ્વાભાવિક છે. પરંતુ આપણાં શિક્ષકભાઈબહેનો પાસે એ સિવાય પણ એક વધારાનું કર્તવ્ય છે - આજ સુધી શિક્ષણ સુધી નહિ પહોંચી શકેલા વંચિત-ગરીબ-તળપદા સમુદાયનાં બાળકોને ભણતર-ગણતરમાં રસ લેતા કરવાનું ! એમની શ્રમજીવી જીવનપદ્ધતિ, એમનું તળપદું સંગીત, એમની બોલી, એમની આગવી કલ્પનાશક્તિ, એમનું તળપદું સંગીત, એમની બોલી, એમની આગવી કલ્પનાશક્તિ અને એમની બધાંયથી અલગ વાસ્તવિકતા સાથે બંધ બેસે એવી શિક્ષણ પદ્ધતિ આપણી પાસે નથી. **એના વિકલ્પે** આપણે આવાં ગીતો વગેરે તૈયાર કરવાનાં છે. આજ સુધીનાં બાળગીતો એમને માટે સાવ નકામાં છે એવું તો નહિ કહી શકાય પણ એનાં કરતાં વધુ નજીકનાં-પોતીકાં લાગે તેવાં ને તેથી કરીને વધુ ઉપયોગી ગીતો આપણે લખી શકીએ એવી માનસિક તૈયારી એ આપણું પહેલું પગથિયું થઈ પડશે.

આ માર્ગદર્શિકા આવા ખ્યાલોને વિકસાવવા, આગળ ધપાવવાનું કામ કરે તેવી અપેક્ષા છે. અહીં મળનારી, ટેક્નિકલ માહિતી શિક્ષક મિત્રોને નવેસરથી સુસજ્જ કરશે એવી અપેક્ષા વધારે પડતી નહિ હોય.

# ૨. આપણાં ગીતોની ખૂબી

'આપણાં ગીતો'નો કસબ જાણતાં પહેલાં આવો, એક સવાલને જરા ડૂબકી મારીને તાગી જોઈએ : **એવું શું હોય છે જે આપણાં ગીતોને લોકપ્રિય બનાવે છે ? - ગામેગામ ગુંજતાં કરી દે છે ?**

**(ક)** - તો એનો પહેલો જવાબ છે : એમાં રહેલું તળપદું લોકતત્ત્વ! આ લોકતત્ત્વ સામગ્રીપક્ષે પણ છે અને આકૃતિપક્ષે પણ છે જ : એટલે કે આપણાં ગીતોનાં લય-ઢાળ લોકગીત ઉપર આધારિત છે એ તો એનું દેખીતું-ઉપરછલ્લું કારણ છે. એની ભાષા સહજ-સ્વાભાવિક-તળપદી છે : એ પહેલા કારણને ટેકો આપે છે. પણ મુખ્ય વાત તો એ છે કે એનું બીજ - એનું મૂળ - પેલા લોક-સમાજની પરંપરામાં છે, લોકોની પીડા ને લોકોનાં સુખદુઃખનો સાચુકલો સ્પર્શ પામેલું છે. એનો મુદ્દો-એનો ઈશ્યૂ 'લોકમાંથી' ઊઠે છે ને લોકથી 'પમાય' એવી રીતે રજૂ થાય છે. આ પણ એક જાતની આત્મીયતા માગી લે છે. કવિ જો એ જ સમુદાયના હોય તો એને માટે આ સ્વાભાવિક છે, શક્ય છે પણ એ અન્ય સ્તરમાંથી કે અન્ય સમુદાયના હોય તો જે તે સમાજના પ્રશ્નને એણે પૂરેપૂરો પામવો પડે. **પ્રશ્નને** - એના સંજોગોને - એનાં કારણ / આશય / હેતુને તાગવાં પડે. પૃથક્કરણ કરવું પડે. ક્યારેક ઊકેલ આપવો પડે તો ક્યારેક ઈશારો કરીને છોડી મેલવું પડે. ટૂંકમાં, 'આપણા કવિ'એ માત્ર લાગણીના ધક્કાથી લખવું નહીં પોસાય. **પૃથક્કરણ અને અવલોકન** બંને જરૂરી છે. **પ્રશ્ન અને પડકાર** પણ એટલા જ જરૂરી છે.

**(ખ)** (૧) **ઉદાહરણ** :- ચૂંટણી ટાણે વોટબેન્ક બની ગયેલા દલિતને પોતાની સાથે થયેલી છેતરપિંડીનું ભાન થાય ત્યારે, આખી પરિસ્થિતિનું પોતાની રીતે પૃથક્કરણ કર્યા પછીની પંક્તિ કંઈક આમ આવે :

- "અરરર ભોળા દલિત ! આપણે તો ભોળવાયા જી !" : ***'લાગ્યો લડત કેરો રંગ'*** *(ઓડિયો કેસેટ) નિર્માણ :* ***'દર્શન', 'નવસર્જન'.***
- "સરકાર સૂતી રહી છે." : ***'આંખ મારી ઊઘડે'*** *(ગીત-સંગ્રહ) નિર્માણ :* ***'માહિતી'.***
- "ચા પિવડાવી ગોટા ખવાડ્યા".....! : *'લાગ્યો લડત કેરો રંગ' (ઓડિયો કેસેટ) નિર્માણ :* ***'દર્શન', 'નવસર્જન'.***

**(ગ)** (૨) કે પછી પોતાનો મહિમા સમજ્યા પછી, પોતાને થયેલા શોષણ સામેનો પડકાર જુઓ :

- પગનાં રે પગરખાં તારાં..... શાને તું ઊંચો હાલ્ય રે ?! : ***'ઢોલ વગાડો, અજવાળાં ઉતારો'*** *(ઓડિયો કેસેટ) નિર્માણ :* ***'દર્શન', 'નવસર્જન'.***
- ..... ટક્કર ઝીલવી છે, હવે આંસુ ના રેડવાં : ***'સળતગી હવાઓ'*** (કાવ્ય સંગ્રહ) લે. : સરૂપ ધ્રુવ
- પિંજરું તોડીને આભ આંગણે ઊતારશું : ***'સળતગી હવાઓ'*** (કાવ્ય સંગ્રહ) લે. : સરૂપ ધ્રુવ
- મને અવાજ ઊઠાવી બોલવા દિયો ***'આંખ મારી ઊઘડે'*** (ગીત-સંગ્રહ) નિર્માણ : ***'માહિતી'***

**(ઘ)** આપણા કવિએ **પોતાનો મત નથી છોડવાનો** પણ ક્યારેક દુરાગ્રહ કે હઠાગ્રહ કે **પૂર્વગ્રહ છોડીને** લોકભોગ્ય, લોકપ્રિય ઢાળ-પ્રયોગો-રૂપો યોજવાં પડે. આપણે જાણીએ છીએ કે શ્રમિક તેમ જ ગ્રામીણ સમાજમાં ભજન, આરતી જેવાં રૂપો બહુ પ્રચલિત છે. કવિ જો અંધશ્રદ્ધામાં ના માનતા હોય, બિનસાંપ્રદાયિક કે ધર્મ નિરપેક્ષ હોય ને એમ પૂંછડું પકડી રાખે કે હું ભજન કે આરતીના ઢાળ નહિ વાપરું ! - તો કેમ ચાલે ? આપણે વાત પહોંચાડવાની છે, સારી રીતે - સચોટ રીતે પહોંચાડવાની છે - ફેલાવવાની છે -ને ગાતી ગૂંજતી કરવાની છે. આવે વખતે ભજન-આરતીના ઢાળ બહુ કામમાં આવે. કેમ કે આપણા સમાજમાં એ ઠેરઠેર ને વારંવાર ગવાય છે. એવુંયે બને કે આવું ભજન /આરતીના ઢાળમાં ઢળેલું 'આપણું ગીત' સભાના આરંભે-અંતે-એકી અવાજે-તલ્લીન બનીને ખૂબ ગવાય, ખૂબ ઝિલાય !

ઉદાહરણ :- ૧. જય માનવશક્તિ ! : ***'સળગતી હવાઓ'*** (કાવ્ય સંગ્રહ) લે. : સરૂપ ધ્રુવ

૨. અરરર ભોળા દલિત ! : ***'લાગ્યો લડત કેરો રંગ'*** (ઓડિયો કેસેટ) નિર્માણ : ***'દર્શન', 'નવસર્જન'***

૩. એવા માણસ માણસના ભેદ કોણે રે પાડિયા ? : ***'ઢોલ વગાડો, અજવાળાં ઉતારો'*** (ઓડિયો કેસેટ) નિર્માણ : ***'દર્શન', 'નવસર્જન'***

**(ચ) આપણા કવિએ ખુલ્લા રહેવાનું છે - બે રીતે !**

૧ આપણે લોકઢાળમાં રચેલું, બોલી અને લહેકાલઢણથી શોભતું ગીત પણ ક્યારેક જૂથની માંગ કે સંજોગોને વશ થઈને બદલવું પડે તો તૈયાર રહેવું જોઈએ.

૨ આપણું ગીત કોઈ 'ફાઈનલ કોપી' નથી. એમાં ઉમેરા-વધારા તો થયા જ કરશે. અલગ અલગ જૂથ એમાં પોતાની વાત ઉમેરતું જશે ને એમ એ ગીતની 'જમીન' વધુ ફળદ્રૂપ સાબિત થતી જશે.

ઉદાહરણ :- (૧) રસોડેથી નીકળ્યાં તો ફેશનપરેડમાં ગયાં..... ('સરખી સહેલી'માં ઉમેરણ) : ***'નારી મુક્તિ ગરબા'***, નિર્માણ : ***'સહિયર'***

(૨) દહેજ-બળાત્કાર-શાસકોના અત્યાચાર.... કરવાને આવ્યાં....(ખેતરથી વાડીએથી.... માં ઉમેરણ) : ***'નારી મુક્તિ ગરબા'***, નિર્માણ : ***'સહિયર'***

**(છ) આપણા ગીતની એક અન્ય ખૂબી ઢાળની પસંદગીમાં પણ રહેલી છે.**

આપણે મોટે ભાગે આપણા વિસ્તારમાં પ્રચલિત, ઠેરઠેર ને વારંવાર ગવાતા ઢાળ પસંદ કરતાં હોઈએ છીએ.

(૧) આવે વખતે ગીતના મુદ્દા (ઈશ્યૂ કે થીમ) ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મુદ્દો જો લડાયક હોય તો એને માટે લડાયક ઢાળ, જોમવંતો લય, હોકારા-પડકારાવાળા લટકણિયાં પસંદ થવાં જોઇએ.

(૨) મુદ્દો જો કરૂણ, ગંભીર હોય - જેમ કે દહેજથી અપમૃત્યુ કે સવર્ણો દ્વારા થતું અપમાન - શોષણ - હિંસાચાર... તો લય કરૂણ પસંદ કરવા જોઈએ.

(૩) મુદ્દો માહિતી કે શિક્ષણનો હોય તો ઢાળ પણ વર્ણનાત્મક, કથાગીત જેવો રાખવો જોઈએ.

(૪) મુદ્દામાં સવાલ કરીને છોડી દેવાયો હોય તો ઢાળ પણ અછડતો-ઉછળતો ચાલે.

(૫) મુદ્દાને કટાક્ષ દ્વારા, જૂથને લપડાકરૂપે આપવામાં આવતો હોય તો ઢાળ રમૂજી-કટાક્ષયુક્ત રાખવો જોઈએ.

ઉદાહરણ :-

(૧) વાગે છે હાક વાગે છે... આજ મહિલામંડળ કેરી હાક વાગે છે. : ***'ઢોલ વગાડો, અજવાળાં ઉતારો'*** (ઓડિયો કેસેટ) નિર્માણ : ***'દર્શન', 'નવસર્જન'***.

(૨) દીકરી સાસરિયામાં સળગી મરી લોલ.... : ***'ઢોલ વગાડો, અજવાળાં ઉતારો'*** (ઓડિયો કેસેટ) નિર્માણ : ***'દર્શન', 'નવસર્જન'***

(૩) મને બચતમંડળમાં ભળવા દ્યો.... મને વિકાસનાં કામો કરવા દ્યો. ***'આંખ મારી ઊઘડે'*** (ગીત-સંગ્રહ) નિર્માણ : ***'માહિતી'***.

(૪) દુનિયા કંઈ કેટલે પહોંચી, છે જાણ તને ?..... ***'આંખ મારી ઊઘડે'*** (ગીત-સંગ્રહ) નિર્માણ : ***'માહિતી'***.

(૫) સદીઓ જૂનો ભેદ આપણે રાખશું એમનો એમ ? હું પૂછું છું : કેમ ? : ***'સળતગી હવાઓ'*** (કાવ્ય સંગ્રહ) લે. : સરૂપ ધ્રુવ

**(જ)** આમ તો આપણાં ગીતોની ભાષા વિશે અગાઉ પણ કેટલીક વાતો થઈ ચૂકી છે; છતાં ફરીથી એક વાત દોહરાવી દઈએ કે, લક્ષિત જૂથની ભાષા, એમની કહેવતો, એમના લહેકા-લાગણીની સાથે સાથે સ્ત્રીઓની બોલી અને પુરુષોની બોલી અલગ' હોય છે. - એમાંનાં કેટલાક અંશ અલગ હોય એનું ધ્યાન ગીતરચના વખતે રાખવું જોઈએ. કાન સરવા હશે તો આવી બાબતો વહેલી પકડાશે. આપણી પોતાની જ ભાષામાં વાત લખવા / રચવા બેસીએ ત્યારે આપણે આવા મુદ્દે સભાન ન હોઈએ એવું પણ બને ! મુદ્દે વાત એટલી કે, જો 'ઈશ્યૂ' બહેનોને લગતા હોય તો બહેનોના લહેકા-લઢણ-રૂઢિપ્રયોગો બહુ શોભી ઊઠે - જાણે કે બહેનોના 'વતી' તમે પોતે કહી રહ્યા હો એવું લાગે... જે સચોટ અસર માટે ખૂબ જરૂરી મુદ્દો છે ! એવી જ રીતે 'જેવા મુદ્દા - એવી બોલી' એમ સૂત્ર બનાવી શકાય.

**તો આવો.... ટૂંકમાં સમજી લઈએ : આપણા કવિને શું જોઈશે ?**

૧. લોકતત્ત્વની પિછાણ-જનસમાજ વિશે જાણકારી-સામાજિક મનોવિજ્ઞાન.

૨. સામગ્રીમાં લોકતત્ત્વ અને આકૃતિમાં લોકતત્ત્વની રજૂઆત.

૩. આકૃતિ એટલે ગીતનો લય-ઢાળ ! ગીતના લય-ઢાળની પસંદગી તમારા મુદ્દા-વિષય-ઈશ્યુને બંધબેસતી હોય તો બહુ સારું.

- કરૂણ ગંભીર માટે રાસડા - મરસિયા- છાજિયાંના ઢાળ
- માહિતી-શિક્ષણ માટે ગરબો.
- કટાક્ષ કે પ્રશ્ન માટે છપ્પા, રમુજી ગરબા.
- જે તે લક્ષિતજૂથમાં પ્રચલિત-જાણીતા-સરળ લોકઢાળ.

૪. લક્ષિત-જૂથની ભાષા, બોલી, રૂઢિપ્રયોગો, લઢણ, લહેકા પકડવાની આવડત.

- ભાઈઓ-બહેનોના લહેકા-લઢણ અલગ હોય છે.
- પ્રાદેશિક કહેવતો વગેરે આપણા સંદેશને વધુ સચોટ બનાવે.
- ભાષા કૌવત છે - ભાષા શક્તિ છે.... ગીતની ભાષા મહત્ત્વની છે.

૫. ગીત-રચનામાં ૨૫% પ્રેરણા-કસબ-અલંકારો અને ૭૫% મુદ્દાની સૂઝસમજ, પૃથક્કરણની ધીરજ, ઉકેલ વિશેનું ચિંતન અને જેમના વિશે - જેમના માટે ગીત રચાય છે તે લોક સમુદાય માટેની નિસબત - આટલાં પાસાં જરૂરી છે. તો ૧૦૦ ટચનું 'આપણું ગીત' રચાય.

'કસબ'-'આવડત' માટે આપણે ૨૫% ભલે આપ્યા પણ એ કસબનું મહત્ત્વ નથી એમ નથી ! કસબ તો દરેક કામમાં જોઈએ જ. કામની સફાઈ પણ જોઈએ. આકાર ઉપર નકશીકામ પણ જોઈએ. રંગપૂરણી પણ જોઈએ. આભલાં - મોતીયે ટાંકવાથી શોભા વધે જ...... આપણાં જીવનમાંયે આવું ક્યાં નથી ?

# ૩. ગીતનો કસબ

## 'ગીત'ની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ

આયે મજાની વાત છે ને ? ગીત તો આપણે ગાતાં-લખતાં અને સાંભળતાં આવ્યાં છીએ; પણ 'શિખવા' બેસીએ ત્યારે તેનો સાંગોપાંગ અભ્યાસ કરવો જ પડે ને ?

સાહિત્યના પંડિતો 'ગીત' વિશે સદીઓથી કંઈને કંઈ વિચારતા આવ્યા છે. તેમણે ગીતની - ગેય રૂપની વ્યાખ્યા પણ બાંધી આપી છે. આપણી સ્પષ્ટતા માટે એ જોઈ લેવી જોઈએ :

### ૧. વ્યાખ્યા :

**'ભાવ, લાગણી કે વિચારના સંગીતમય અને કાવ્યમય ઉદ્‌ગારને ગીત કહેવાય છે.'**

આપણે માટે તો **'ગવાય તે ગીત'** - આ સાદી ને સ્વીકૃત બાબત છે પણ પંડિતો કહે છે કે કેટલાંક ગીત એવાં છે જે ગવાય નહિ; વંચાય-ઊંચા સ્વરે બોલાય.

જો કે આપણે માટે તો **'ગવાય તે જ ગીત'**. અહીં આપણો હેતુ- પ્રયોજન અને અભ્યાસ આવાં જ ગીતો શિખવા, લખવાનો છે. આપણે લખવાનાં છે - ગાવાનાં છે ને એ ગીત બીજાંને ગાતાં કરવાનાં છે, એવાં-એનાંથીયે ચડિયાતાં ગીત બીજાંને લખતાં કરવાનાં છે.

**પંડિતો ગીતના બે વિભાગ પાડે છેઃ**

(૧) **લોકગીત** અને (૨) **શિષ્ટ ગીત** :- આપણે આગળ-ઉપર આ બંને વિભાગ - બંને પ્રકાર વિશે થોડું ઘણું જાણ્યું; આગળ હજી વધુ જાણી લઈશું.

સગવડ તેમજ સમજણ ખાતર 'ગીત'નું રૂપ-સ્વરૂપ એટલે કે આકાર-ઘાટઘૂટ પણ જાણી લેવાં જરૂરી છે.

### ૨. ગીતનું સ્વરૂપ :

સમાન્ય રીતે ગીતના આરંભે **'મુખડું'** કે **'ઉપાડ'**થી શરૂઆત થાય છે. બે કે ત્રણ પંક્તિનું 'મુખડું' હોય છે. મુખડું પૂરું થાય પછી ગીતનો **'અંતરો'** શરૂ થાય છે. એક ગીતમાં **ઓછામાં ઓછા બે** અને વધુમાં વધુ આપણે જોઈએ તેટલા 'અંતરા' લખી શકાય.

'મુખડું / ઉપાડ' આપણા ગીતનો ઢાળ-રાગ-લય નક્કી કરી આપે છે. મુખડાની મુખ્ય પંક્તિ, જે પ્રત્યેક અંતરાને અંતે ગવાતી હોય તેને **'ટેક'** કે **'ધ્રુવપંક્તિ / ધ્રુવપદ'** કહે છે.

આવી 'ટેક' બહુ ચોટદાર અને આકર્ષક હોવી જોઈએ. સાંભળનાર સાંભળીને તેને તરત યાદ રાખી શકે અને પછી તત્કાળ ઝીલીને ગાઈ-ગવડાવી શકે તેવી સરળ-લયપૂર્ણ હોવી જોઈએ.

આપણાં ગીતોમાં ટેકને છેડે 'લોલ', 'જી', 'જી રે', 'હાં રે', 'રે' 'હાં-હાં', 'હાં-કે' 'સૈ' 'બેન' 'ભઈ', 'ભાઈ', 'સાહ્યબા', 'સાજન'.... જેવાં **લટકણિયાં** શબ્દો ગવાતા હોય છે. આવા લટકણિયાં પંક્તિનો મેળ બેસાડવા, ('માત્રામેળ' વિશે આગળ જોઈશું) સંગીતમયતા લાવવા, લયનું-સૂરનું સૌન્દર્ય ઉમેરવા લગાડાતાં હોય છે.

અમુક લટકણિયાં ગીતના અર્થ સાથે બંધબેસતાં હોય; અમુક ખાલી જ - સુંદરતા કે સંગીત-તત્ત્વ માટે હોય.

ગુજરાત-રાજસ્થાનનાં ગીતોમાં લટકણિયાં ખૂબ વિશિષ્ટ તત્ત્વ છે. લોકસાહિત્યના પંડિતોએ ભારતભરનાં લોકગીતોનો અભ્યાસ કર્યા પછી આ તારણ કાઢ્યું છે. આપણાં કવિઓએ પણ આપણી ભાષાનાં આ લટકણિયાંની ખૂબી સમજીને, એને યોગ્ય જગ્યાએ વાપરવા જેવાં છે.

..... પણ આમ, કોરા સિદ્ધાંતથી આવી બાબતો કેમ કરીને સમજાય ? આવો, આપણે એક - આખું ગીત લઈને, એમાં ઉપાડ - મુખડું - ટેક - અંતરા - લટકણિયાં....તમામ પાંસાને તપાસીએ :

**ગીતનાં સ્વરૂપ-લક્ષણો સમજાવવા માટે નમૂનાનું ગીત : 'સરખી સાહેલી' *('સળગતી હવાઓ'માંથી)***

**મુખડું :**

*"સરખી સાહેલી અમે સાથ સાથ ઘૂમશું, શેરીમાં સાદ કરી કહીશું રે લોલ !*
*કેટલા જમાનાથી વેઠી છે વેદના, આવડો જુલમ નહિ સહીશું રે લોલ !"*

- ઉપલી બંને લીટીઓ આખા **ગીતનો** ઉપાડ છે. મુખડું છે. એમાં ગીતનો રાગ-ઢાળ નક્કી થઈ ગયો. મેળ નક્કી થઈ ગયો.
- **'રે લોલ'** એ આ ગીતનું **લટકણિયું** છે. જેનો ખાસ અર્થ નથી; માત્ર સંગીતની અસર અને માપ બેસાડવા ઉપયોગી થાય છે. આ 'રે લોલ'- પારંપરિક રીતે 'ગરબા'માં બહેનો દ્વારા ખૂબ લહેકાથી - હલકપૂર્વક ગવાય છે; જેથી પંક્તિ સ-રસ અને સ-ચોટ બને છે. આખા ઉપાડ દરમ્યાન, બંને પંક્તિમાં 'રે લોલ' નો ઉપયોગ થયો છે.

**અંતરો :**

*ઘરખૂણે કેદ કર્યાં, ઘરકૂકડી નામ દીધાં*
*નીકળ્યાં જો બ્હાર તો પળપળ બદનામ કીધાં*
*એવાં અપમાન નહીં સહીશું રે લોલ !.....***ટેક / ધ્રુવપંક્તિ.** 'સરખી સહેલી'

- ઉપર મૂક્યો છે તે **'અંતરો'** કહેવાય. અંતરામાં મુદ્દાનો વિસ્તાર થાય. એક ભાવ, લાગણી કે વિચારને મૂકવામાં આવે ને ત્યાં જ પૂરો કરવામાં આવે. દરેક અંતરા સાથે એક ભાવ - એક વિચાર પૂરો થાય.
- એક ગીતમાં અંતરાની સંખ્યા કેટલી રાખવી તેના અંગે કોઈ નિયમ નથી. બેથી માંડીને બાર અંતરાયે હોઈ શકે. અંતરાનો મેળ-માપ મુખડા જેવો જ હોય પણ રાગ જુદો - ઢાળ જુદો હોઈ શકે. 'મુખડું' કે 'અંતરો' સંગીતના શબ્દો છે, આ સંગીત શાસ્ત્રના સિદ્ધાંતો છે. ગીતમાં સંગીત છૂપાયેલું જ છે તેથી આટલું જાણી રાખવું જરૂરી થઇ પડે.
- ઉપરના ગીતની **'ટેક'** ઉપર તમારું ધ્યાન ગયું જ હશે : **'સરખી સાહેલી. ......** રે લોલ !' એ પહેલી લીટીને પ્રત્યેક અંતરા પછી ગાવાની હોય. એનાથી અર્થનું, ભાવનું, ઢાળનું અને લયનું એક આવર્તન (વર્તુળ-ચક્ર) પૂરું થાય.

આ આકાર જાળવવો જરૂરી છે. માત્ર કાનને સારું લાગે તે માટે નહીં - માત્ર નિયમ પાળવો જોઇએ તે માટે પણ નહીં; પરંતુ એનાથી આખું 'અર્થચક્ર' જળવાય છે ને આપણે આપવાનો સંદેશ સીધો - સ્પષ્ટ રીતે જાય છે તે માટે પણ !

## ૩. નમૂનાનાં ગીતો

.. ઉપર આપેલા નમૂના સિવાય એક **બીજો નમૂનો જોઇએ** - આ રીત પણ 'આપણાં ગીત' માટે પ્રચલિત છે :

### રામૈયા રામ

*રામ-લખમણ બે બાંધવા, રામૈયા રામ !*
*બે ભાઇ ચાલ્યા શિકાર, રામૈયા રામ !*
*રામને લાગી તરશ, રામૈયા રામ !*

# ૪. ગીતમાં માપ : મેળ અને માત્રા

## શું છે આ માત્રા ?

ગીતના બંધારણમાં સંગીતનો મોટો ફાળો છે. ગીત જ્યાં સુધી ગવાય નહીં ત્યાં સુધી નકામું. એટલે કે, સંગીત સાથે સંકળાયેલાં ઢાળ, લય ઉપરાંત **'માત્રા'**નો ખ્યાલ પણ રાખવાનો છે.

ભાષાના ઉચ્ચારણમાં જે વજન છૂપાયેલું છે તેના માપને **'માત્રા'** કહે છે. લંબાણથી ઉચ્ચારાતા - દીર્ઘ - અક્ષરને (સ્વર / વ્યંજન) બેવડી માત્રા હોય છે - તેને **'ગુરુ'** પણ કહેવાય. એનું વજન ૨ છે. ટૂંકાણથી ઉચ્ચારાતા - હ્રસ્વ - અક્ષરને (સ્વર / વ્યંજન) એકવડી માત્રા હોય છે - તેને **'લઘુ'** કહેવાય. એનું વજન ૧ છે.

- ગીત લખતી વખતે સંગીત / સ્વરભાર / સ્વરના ઉચ્ચારણ સાથે સંકળાયેલી માત્રાનો મેળ બેસાડવાનો હોય છે. પંડિતોએ સદીઓ પહેલાં નક્કી કર્યું છે કે અમુક છંદની અમુક માત્રા હોય. અમુક રીતે માત્રાની ગોઠવણી થાય તો અમુક પ્રકારનો લય-ઢાળ ઉત્પન્ન થાય ને કાનને પહોંચે - અમુક છાપ પાડે - અસર ઉપજાવે.

  એટલે કે ગીત લખવા માટે 'માત્રામેળ'નો ખ્યાલ હોવો જરૂરી છે. એટલે કે હ્રસ્વ ને દીર્ઘ અક્ષરોની ગોઠવણી એક પંક્તિમાં એવી રીતે થવી જોઇએ, જેનો સરવાળો જે તે છંદની નક્કી કરેલ માત્રા જેવો થાય.

- માત્રાઓની ચોક્કસ પ્રકારની ગોઠવણી એટલે છંદ.
- માત્રા એ છંદનો નાનામાં નાનો ઘટક થયો.
- ગીત / કાવ્યની લીટીનું માપ-ઢાળ-તાલ, કવિએ મૂકેલી માત્રા ઉપર આધારિત છે.
- માત્રાનું નક્કી કરેલું માપ જાળવવું જોઇએ.

**આમ છતાં**

- કવિઓ માત્રાનો મેળ (સરવાળો) થાય - ન થાયની સો ટકા તકેદારી ન લે; તો ચાલે ! આને **કવિએ છંદ સાથે લીધેલી 'છૂટ'** કહેવાય. (કવિછૂટ !) કેમ કે, માત્રાના વજનનો મૂળ ખ્યાલ સંસ્કૃત ભાષામાં નક્કી થયેલા ઉચ્ચાર-ભાર ઉપર આધારિત છે. આપણે જાણીએ છીએ કે સંસ્કૃતમાં ઞી અને ઞિ, (દીર્ઘ અને હ્રસ્વ ઈ / ઇ ) ૠ ૠ, અન્ - અમ્ - અણ્ જેવા ત્રણે પ્રકારના અનુસ્વાર બહુ ચીવટ અને ચોક્સાઇપૂર્વક બોલાય છે અને એની શુદ્ધતા - અશુદ્ધતા ઉપર બહુ ભાર મૂકવામાં આવે છે. પણ આપણી બોલાતી ગુજરાતીમાં આ હ્રસ્વ-દીર્ઘનું ઉચ્ચારણ આટલી ચૂસ્ત રીતે આપણે પાડતાં નથી. ભલે, આપણા પંડિતો આ બાબતે ઉધમાત કરતા રહે - બોલાતી ભાષા તો પોતાની મેળે જ બોલાય છે - વહે છે - જીવતી રહે છે. ટૂંકમાં - ગુજરાતીમાં હ્રસ્વ-દીર્ઘની આમેય છૂટછાટ હોવાથી માત્રાની ગણતરી એકાદ-બે આઘીપાછી હોય તો ચલાવી લેવામાં આવે છે પણ **કવિએ જે તે છંદનો ઢાળ અચૂક સાચવી લેવો જોઇએ;** નહિ તો છંદનું સંગીત-તાલ-લય જોખમાય છે. ગીતની મજા મરી જાય છે. **મારી મચડીને ગવાતાં-ગોઠવાતાં ગીતોમાં મોટેભાગે આમ માત્રાની વધુ પડતી છૂટ અને ઢાળ પ્રત્યેની બેકાળજી કારણરૂપ છે.**

- પણ આ બધા નિયમો ઉદાહરણ સાથે સમજીશું તો વધુ સ્પષ્ટ થશે. સૌથી પહેલાં આપણે માત્રા વિશે જાણીએ. કયા સ્વરને કેટલી માત્રા હોય તેનું કોષ્ટક જોઇ લઇએ. આપણા કક્કામાંથી આવો, '<u>ત</u>' લઇએ.

| માત્રા | વજન | |
|---|---|---|
| ત | ૧ | (હ્રસ્વ) |
| તા | ૨ | (દીર્ઘ) |
| તિ | ૧ | (હ્રસ્વ) |
| તી | ૨ | (દીર્ઘ) |
| તુ | ૧ | (હ્રસ્વ) |
| તૂ | ૨ | (દીર્ઘ) |
| તે | ૨ | (દીર્ઘ) |
| તૈ | ૨ | (દીર્ઘ) |
| તો | ૨ | (દીર્ઘ) |
| તૌ | ૨ | (દીર્ઘ) |
| તં | ૨ | (દીર્ઘ) |

- વળી... **તમામ જોડાક્ષરો** - ભલે તે હ્રસ્વ સ્વર / વ્યંજન હોય છતાં દીર્ઘ ગણાય છે. દા.ત. મહ<u>ત્ત્વ</u>, સ<u>ત્ય</u>, ત<u>ત્ત્વ</u>, ભ<u>ક્ત</u>, ટ<u>ક્ક</u>ર, વ<u>જ્ર</u>ર, ભૂ<u>ખ્ખ</u>ડ.... (દીર્ઘ)
- આ પ્રમાણે આપણા કક્કાના તમામ વ્યંજનો-સ્વરોને સમજવા.
- ક્ષ, જ્ઞ, પ્ર, ત્ર, ટ્ટ ... જેવા વ્યંજનો દીર્ઘ ગણાય. એની માત્રા ૨ હોય.

**માત્રામેળના ઉદાહરણ સાથે ગીત-પંક્તિ :**

**ઝૂલણા છંદ *(પ્રભાતિયું)* - ૩૭ માત્રા હોવી જોઇએ.**

૧. ઘા$^{૨}$ટ$^{૧}$ ઘ$^{૧}$ડિ$^{૧}$યાં$^{૨}$ પ$^{૧}$છી$^{૨}$ ના$^{૨}$મ$^{૧}$રૂ$^{૨}$પ$^{૧}$ જૂ$^{૨}$જ$^{૧}$વાં$^{૨}$
અં$^{૨}$<u>તે</u>$^{૨}$ તો$^{૨}$ હે$^{૨}$મ$^{૧}$નું$^{૧}$ હે$^{૨}$મ$^{૧}$ હો$^{૨}$યે$^{૨}$ ! = ૩૮ થાય છે, કવિએ છૂટ લીધી છે.
*(છૂટ અહીં છે)*

૨. ગા$^{૨}$વ$^{૧}$ડી$^{૨}$, મા$^{૨}$વ$^{૧}$ડી$^{૨}$, દૂ$^{૨}$ધ$^{૧}$ની$^{૨}$ તાં$^{૨}$બ$^{૧}$ડી$^{૨}$; જ$^{૧}$ગ$^{૧}$ત$^{૧}$ ખો$^{૨}$બો$^{૨}$ ઘ$^{૧}$રી$^{૨}$ મી$^{૨}$ટ$^{૧}$ માં$^{૨}$ડે$^{૨}$.
= ૩૭ થાય છે. પંક્તિ ચૂસ્ત છે. છૂટ નથી લેવાઇ.

**દોહરો / દૂહો - ૨૪ માત્રા**

૩. દૂ$^{૨}$હો$^{૨}$ હો$^{૨}$ દિ$^{૧}$લ$^{૧}$માં$^{૨}$હ્ય$^{૨}$; ઉ$^{૧}$લ$^{૧}$ટ$^{૧}$ વિ$^{૧}$ણ$^{૧}$ આ$^{૨}$વે$^{૨}$ ન$^{૧}$હીં$^{૨}$ = ૨૪
ખા$^{૨}$વું$^{૨}$ ખો$^{૨}$ળા$^{૨}$માં$^{૨}$ય$^{૧}$; ભૂ$^{૨}$ખ$^{૧}$ વિ$^{૧}$ના$^{૨}$ ભા$^{૨}$વે$^{૨}$ ન$^{૧}$હીં$^{૨}$ = ૨૪

દોહરા કે દૂહા માટે ૨૪-૨૪ માત્રા દરેક પંક્તિમાં હોવી જોઇએ. ઉપલું ઉદાહરણ ચુસ્ત છે. છૂટ લેવામાં આવી નથી.

**રોળા - ૪૮ માત્રા**

૪. બંને પંક્તિમાં ૨૪ - ૨૪ માત્રા હોવી જોઈએ. કુલ ૪૮ માત્રાનો આ છંદ છે.

અ$_{૧}$ ચ$_{૧}$ ળ$_{૧}$ કી$_{૨}$ ર્તિ$_{૨}$ ને$_{૨}$ કા$_{૨}$ જ$_{૧}$ કો$_{૨}$ ત$_{૧}$ રી$_{૨}$ રા$_{૨}$ ખ્યા$_{૨}$ લે$_{૨}$ ખો$_{૨}$,

ઘ$^{૧}$ સા$^{૨}$ ઈ$^{૨}$, ભૂં$^{૨}$ સા$^{૨}$ યા$^{૨}$ આ$^{૨}$ જ$^{૧}$ દ$^{૧}$ ટા$^{૨}$ યા$^{૨}$ ઘૂ$^{૧}$ ળ$^{૧}$ માં$^{૨}$ દે$^{૨}$ ખો$^{૨}$ (= ઘૂ ને ઘુ -) છૂટ લીધી.

આમ, સાધારણ રીતે **માપ જાળવવાની કોશિશ થવી જોઈએ.**

માપની સાથે સાથે દરેક છંદનો પોતાનો **ઢાળ** છે. જે પરંપરાથી નક્કી થયેલો છે, ચાલતો આવે છે. **કવિએ ઢાળ જાણી લેવાનો છે.**

આ તો 'માત્રા' એટલે શું અને 'માત્રામેળ' એટલે શું તે વિશે વાત કરી. 'આપણાં ગીત'માં ઉપયોગી થાય એવા છંદો વિશે આગળ ઉપર વાત કરીશું. અત્યારે તો ગીતનાં અંગોપાંગની તપાસ ચાલી રહી છે.

**ગીતને - કવિતાને 'પ્રાસ' એક ચોક્કસ પ્રકારની શિસ્ત આપે છે.** આ પ્રાસ વિશે આપણે જરાક વિગતે જાણી લઈએ.

# ૫. પ્રાસ

કોઈ પણ કાવ્ય લો, ગીત લો, પદ્યરૂપ લો એમાં 'પ્રાસ'નું તત્ત્વ આંખે ઊડીને વળગે તેવું હોય છે. આમ તો આપણે પ્રાસને જાણતાં - ઓળખતાં હોઈએ છીએ. માત્ર ગીત કે પદ્યમાં જ નહિ - આપણી રોજ બોલાતી કહેવતોનેય પ્રાસથી એક જાતની અસરકારકતા મળતી હોય છે.

પ્રાસનાં થોડાં ઉદાહરણ જોઇએ :

૧. *પંજાબના ઇતિહાસને દઇ કાન સુણજો હે <u>વીરા</u>*
*એ દુઃખથી છાતી ચીરાશે, ફાટશે વ્હાલી <u>ધરા</u>.*
*નિઃશસ્ત્રને નિર્દોષ પર ગોળી ચલાવી <u>ડાયરે</u>*
*કતલ કર્યાં હિન્દી હજારો, હાય ભારત ! <u>હાય રે</u> !*

.... આ ઉદાહરણમાં બે બે પંક્તિ પૂરે પૂરા પ્રાસવાળી છે. આખી રચનામાં આવા બે - બે લીટીના ઝૂમખાં રચીને ૮-૧૦ ઝૂમખાંનું એક ગીત / કાવ્ય રચી શકાય.

૨. *વીજ કડાકે આભ તૂટે*
*તેમ વીરની હાકલ <u>થાતી</u> !*
*દિશ દિશની રણભેરી રણનાં*
*ગીત ગુલાબી <u>ગાતી</u> !*

અહીં બીજી ને ચોથી - એમ બેકી રકમની પંક્તિઓમાં પ્રાસ જોવા મળે છે. આખી રચના ૧૬, ૧૮, ૨૦ પંક્તિની હોવી જોઇએ; જેમાં દર બીજી પંક્તિએ પ્રાસ આવે.

૩. *ભાઇને પંપાળતી ને બાપુને <u>ઢંઢોળતી</u>*
*વીજને ઝબકારે સૌને ચેતતી <u>સંકોરતી</u>*
*એનો ચૂલો અખેપાતર સૌને એ <u>સંતોષતી</u>*
*અન્નપૂર્ણા સમી ઠારી આંખ <u>હરખંતી</u> મા.*

..... આ નમૂનામાં ચારેચાર પંક્તિઓના છેડે પ્રાસ મળે છે.

૪. ચાર લીટીનો ટૂકડો હોય તો નીચે પ્રમાણે પણ પ્રાસ બેસાડાય :

*દીન દલિતનાં આંસુ **લૂછો**,*
*દુઃખિયાનાં દુઃખ જઇને **પૂછો**,*
*દુનિયાની દીવાલો પરથી*
*ભેદભાવાના અક્ષર **ભૂંસો** !*

- પ્રાસ વગરનાં ગીત વેરવિખેર અને બિનઅસરકારક લાગે. પ્રાસ તો જરૂરી અંગ છે. પ્રાસથી ભાષાના સરખા સ્વરવ્યંજનોની એક ભાત રચાય છે; જે સાંભળતાં ચોટ જન્માવે છે. કવિની અહીં એ કસોટી છે કે ગીત રચતી વખતે, આપણી જરૂરિયાત - આપણો મતલબ અને આપણા સંદેશને **અનુરૂપ શબ્દ ગોતી કાઢવો પડે**, જે 'પ્રાસ'માં પણ બેસતો હોય. સરખા સ્વર, પણ અલગ વ્યંજનની સળંગ ભાત, પ્રાસમાં ઉપસે છે એ ઉપર તમારું ધ્યાન ગયું ? જેમ કે : ઢંઢોળતી - સંકોરતી - સંતોષતી. અહીં છેક છેડે <u>તી</u> સંપૂર્ણપણે જળવાય છે : જળવાવો જોઇએ. પણ એની આગળનાં ક્રિયાપદ જુદાં જુદાં છે : ઢંઢોળ - સંકોર - સંતોષ. પણ બધાંની આગળનો સ્વર 'ઓ' છે : ઢો - કો - તો. આનાથી કાનને સારું લાગે છે - સંગીતતત્ત્વ

**જોરદાર બને છે અને મૂળ સંદેશને હાનિ પણ નથી પહોંચતી. જે વાત કહેવી છે એમાં આ ત્રણે ક્રિયાપદ જરૂરી છે - માની છબી ઉપસાવવામાં મદદરૂપ છે.**

આ સાવધાની હંમેશા રાખવાની છે. શબ્દની શોભામાં ઘસડાઇ જઇએ ને મતલબને નુકસાન કરીએ તે આપણા કવિને માટે ગુનો ગણાય ! આપણે માટે 'અર્થ'-'સંદેશ' પહેલો..... 'શબ્દ' પછી !

પણ મૂંઝાવા જેવું નથી. અહીં પણ કવિ-છૂટ લેવામાં આવે છે. જેમ કે ઉદાહરણ - ૪ જુઓ : લૂછો - પૂછોના પ્રાસમાં છેલ્લી પંક્તિમાં 'ભૂછો' નહિ - 'ભૂંસો' આવ્યું. આવું ચાલે. વ્યંજન / કક્કાનો અક્ષર અલગ હોય તો ચાલે - 'છ' ને બદલે 'સ'. પણ 'છો' - 'છો'ના પ્રાસમાં 'સો' જ આવે. સી-સે-સુ- નહિ !

બારાખડીના હ્રસ્વ-દીર્ઘ સરખા જ રહેવા જોઇએ; તો જ સ્વર-પંક્તિની શિસ્ત જળવાય.

આવાં થોડાં બીજાં ઉદાહરણ જોઇ લઇએ, જેમાં **સ્વર એનો એ હોય પણ વ્યંજન બદલાયો હોય :**

૧. *અંત નથી, આ શરૂઆત છે,*
*જનમનની આ રજૂઆત છે,*
*પડાવ પહેલો પહેલો સાથી !*
*હજી તો લાંબી લાંબી વાટ છે.*

'આત', 'આત' જોડે 'વાત' કરી શકાત..... પણ 'વાટ'ની જરૂર હતી... <u>ત</u> ને બદલે <u>ટ</u> આવ્યો. છૂટ લીધી પણ મતલબ જાળવ્યો.

૨. *આવો સૌ આનંદ <u>કરો</u>*
*ભાવથી ભેગાં <u>મળો</u>*
*દીવો દિલમાં <u>કરો</u>*
*આજ તો મીટીંગ <u>ભરો</u>*

૩. *પેલો સંસારી કહે છે રે બેનોનાં મંડળ જૂઠાં છે*
*પેલો સંસારી કહે છે રે બેનોનાં મંડળ ખોટાં છે*
*પેલો સંસારી કહે છે રે બેનોનાં મંડળ ઠાલાં છે*
*તમે ખોટાં ન માનશો રે, બેનોનાં મંડળ સાચાં છે.*

૪. *હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ*
*કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ*
*મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ....*

- **આ તમામ પ્રાસ લીટીને અંતે આવે તેથી 'અંત્યાનુપ્રાસ'** કહેવાય.
  અમુક વાર પંક્તિની અંદર ગોઠવાયેલા શબ્દોની શરૂઆતના સ્વર / વ્યંજન સરખા મૂકાય છે જેને **'વર્ણાનુપ્રાસ'** કહે છે.

**દા.ત.** ૧. *કામિની કોકિલા કેલિ કૂજન <u>ક</u>રે !*
૨. *ઝૂકી ઝાડના ઝૂંડની ઝાઝી ઝાડી !*
૩. *તિરાડોની વચ્ચેનું અંતર નિરંતર*
*તસુ બે તસુ બસ ખસું છું હું, મિત્રો !*

ઉપલાં દૃષ્ટાંતોમાં (૧)માં 'ક'નો વારંવાર પ્રયોગ, (૨)માં 'ઝ'ની ઝડઝમક અને (૩)માં 'ત' ને 'સ'નો વારંવાર પ્રયોગ -

૧. કાનને ચોક્કસ પ્રકારની અસર કરે છે અને

૨. સાંભળનારને, ફરીથી ગાનારને યાદ રહી જાય એવું કામ પાર પાડે છે.

ખરેખર તો આ અંત્યાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ ગીતલેખનની શિસ્તની સાથે સાથે 'યુક્તિઓ' (ડિવાઈસ) પણ છે. ગીતને ઘાટીલું, અસરકારક, યાદ રહી જાય તેવું બનાવવા માટે આ બધી 'યુક્તિઓ' આવડવી ને તેને યોગ્ય રીતે વાપરવી અનિવાર્યપણે જરૂરી બને છે.

મોટે ભાગે આજ સુધી મળતાં આપણાં ગીતોમાં આ યુક્તિઓ, આવી શિસ્તનો ઓછાવત્તા અંશે અભાવ જોવા મળે છે. જેને કારણે ગીતો 'નખશિખ સંઘેડા ઊતાર' નથી જણાતાં. ગાતાં - યાદ કરતાં ખોડંગાય છે - વિસરાઈ જાય છે.

ગીતલેખન વખતે આ બધી તકેદારી અચૂક રાખવાની છે.

# ૬. કેટલાક ઉપયોગી માત્રામેળ છંદો

આપણાં ગીતો માટે મોટેભાગે પરંપરાગત, ભિન્ન ભિન્ન પ્રાદેશિક લોકઢાળો જ વધુ વપરાય છે અને એમ હોવું જાઈએ એ પણ સાચું; પણ ક્યારેક આપણે લોકપ્રિય અને લોકોથી ગાઈ શકાય તેવા છંદ પણ વાપરી શકીએ. છંદની શિસ્ત સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની ભેટ છે પણ એમાંના માત્રામેળ છંદો આપણને ઉપયોગી થાય તેવા છે. અમુક વાર આપણે પણ જાણ્યેઅજાણ્યે [આ'છંદ' છે-'શાસ્ત્રીય અંગ' છે - તેની જાણ વગર] છંદ વાપરતાં પણ હોઈએ છીએ. અહીં આવા સાદા-સરળ અને ગાઈ શકાય તેવા થોડાક માત્રામેળ છંદો વિશે શાસ્ત્રીય માહિતી અને એક બે દૃષ્ટાંતો જોઈ લઈએ...... ભવિષ્યના ઉપયોગને માટે !

## ૧. દોહરો કે દૂહો :

- બે પંક્તિનું કાવ્ય તે 'દોહરો'. દોહરામાં ૪૮ માત્રા છે.
- બે પંક્તિમાં કુલ ચાર ચરણ [ટૂંકો ખંડ, વિભાગ] આવે.
- દોહરાની માત્રાઓ ચરણ પ્રમાણે નક્કી કરવામાં આવે છે.
- પહેલા ને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા.
- બીજા ને ચોથા ચરણમાં ૧૧ માત્રા.

દા.ત.

૧. અ$^{1}$ણ$^{1}$દી$^{2}$ઠાં$^{2}$ને$^{2}$ દે$^{2}$ખ$^{1}$વાં$^{2}$, અ$^{1}$ણ$^{1}$ત$^{1}$ગ$^{1}$ લે$^{2}$વા$^{2}$ તા$^{2}$ગ$^{1}$ -ગ (લઘુ)

સ$^{1}$ત$^{1}$ની$^{2}$ સી$^{2}$મા$^{2}$ લો$^{2}$પ$^{1}$વા$^{2}$, જો$^{2}$બ$^{1}$ન$^{1}$ માં$^{2}$ડે$^{2}$ જા$^{2}$ગ$^{1}$ -ગ (")

૨. જા$^{2}$હ્ન$^{2}$વી$^{2}$ તી$^{2}$રે$^{2}$ જ$^{1}$ળ$^{1}$ ઘ$^{1}$ણું$^{1}$ત્યાં$^{2}$ શું$^{2}$ દે$^{2}$વું$^{2}$ દા$^{2}$ન$^{2}$ ? -ન (")

દે$_{2}$જો$_{2}$ નિ$_{1}$ર્જ$_{1}$ન$_{1}$ દે$_{2}$શ$_{1}$માં$_{2}$ , ક$_{1}$હું$_{1}$ જ$_{1}$ળ$_{1}$ કિ$_{2}$મ$_{1}$ત$_{1}$વા$_{2}$ન$_{1}$ ! -ન (")

- ઉપલા નમૂનાઓમાં લીટી મૂકીને 'ચરણ'ને અલગ પાડ્યાં છે.
- બીજા ને ચોથા ચરણના અંતે હ્રસ્વ-લઘુ-૧-માત્રાનો સ્વર આવવો જોઈએ.
- દૂહા મોટેભાગે 'અકારાન્ત' હોય છે.

## ૨. હરિગીત :

- આ છંદને ૨૮ માત્રા હોય છે.
- બે ચરણ હોય છે.
- દરેક ચરણનો છેલ્લો અક્ષર દીર્ઘ - ગુરુ - ૨ માત્રાનો છે.

દા.ત. જે$^{2}$ પો$^{2}$ષ$^{1}$તું$^{2}$ તે$^{2}$ મા$^{2}$ર$^{1}$તું$^{2}$ શું$^{2}$ એ$^{2}$ દિ$^{1}$સે$^{2}$ ક$^{2}$મ$^{1}$ કુ$^{1}$દ$^{1}$ર$^{1}$તી$^{2}$ ? = ૨૯
(ગુરુ) (ગુરુ)

જ્યાં$^{2}$ જ્યાં$^{2}$ ન$^{1}$જ$^{1}$ર$^{1}$ મા$^{2}$રી$^{2}$ ઠ$^{1}$રે$^{2}$ યા$^{2}$દી$^{2}$ ભ$^{1}$રી$^{2}$ ત્યાં$^{2}$ આ$^{2}$પ$^{1}$ની$^{2}$ ! = ૨૮
(ગુરુ) (ગુરુ)

## ૩. ઝૂલણા :-

- આ છંદને ૩૭ માત્રા હોય છે.
- ચાર ચરણ હોય છે.
- અંતનો અક્ષર ગુરુ-દીર્ઘ-બે માત્રાનો રહે છે.

દા.ત.

૧. જા$^{૨}$ગ$^{૧}$ને$^{૨}$ જા$^{૨}$દ$^{૧}$વા$^{૨}$ કૃ$^{૨}$ષ્ણ$^{૨}$ ગો$^{૨}$વા$^{૨}$ળિ$^{૧}$યા$^{૨}$
તુ$_{૧}$જ$_{૧}$ વિ$_{૧}$ના$_{૨}$ ઘે$_{૨}$ન$_{૧}$માં$_{૨}$ કો$_{૨}$ણ$_{૧}$ જા$_{૨}$શે$_{૨}$ ? = ૩૭ / ૩૮ (કવિછૂટ છે.)

૨. મા$^{૨}$ ઊ$^{૨}$ઠી$^{૨}$, જ$^{૧}$ગ$^{૧}$ ઊ$^{૨}$ઠ્યું$^{૨}$ જ$^{૧}$ડ$^{૧}$ ને$^{૨}$ ચે$^{૨}$ત$^{૧}$ન$^{૧}$ ઊ$^{૨}$ઠ્યું$^{૨}$
અ$^{૧}$ડ$^{૧}$ક$^{૧}$તાં$^{૨}$ હા$^{૨}$થ$^{૨}$ અ$^{૧}$જ$^{૧}$વા$^{૨}$શ$^{૧}$ ઝ$^{૧}$લ$^{૧}$મ$^{૧}$લે$^{૨}$ = [illegible]
(છુટ)

આ 'ઝુલણા' છંદ બહુ જાણીતો છે. પ્રભાતિયાંમાં આ જ વપરાય છે.

## ૪. ભુજંગી :-

- આ છંદને ૨૪ માત્રા છે.
- ચાર ચરણ હોય છે.
- અંતનો અક્ષર ગુરુ-દીર્ઘ- બે માત્રાનો રહે છે.

દા.ત. *પુરી એક અંધેરી ને ગંડુ રાજા*
*ટકે શેર ભાજી ટકે શેર ખાજાં* = ૨૪

## ૫. મનહર :-

- આ છંદનું માપ અક્ષરથી ગણાય છે.
- બે પંક્તિનો છંદ છે - કુલ ૩૧ અક્ષર જોઈએ.
- બે પંક્તિને તુક/ટૂક કહે છે.
- ટૂકનો છેલ્લો અક્ષર ગુરુ-દીર્ઘ-૨ માત્રાનો જોઈએ.

દા.ત.

૧. પો$^{૧}$લું$^{૨}$ છે$^{૩}$ તે$^{૪}$ બો$^{૫}$લ્યું$^{૬}$ તે$^{૭}$માં$^{૮}$ ક$^{૯}$રી$^{૧૦}$ તેં$^{૧૧}$ શી$^{૧૨}$ કા$^{૧૩}$રી$^{૧૪}$ગ$^{૧૫}$રી$^{૧૬}$ ? **૩૧ અક્ષર**
સાં$_{૧૭}$બે$_{૧૮}$લું$_{૧૯}$ બ$_{૨૦}$જા$_{૨૧}$વે$_{૨૨}$ તો$_{૨૩}$ હું$_{૨૪}$ જા$_{૨૫}$ણું$_{૨૬}$ કે$_{૨૭}$ તું$_{૨૮}$ શા$_{૨૯}$ણો$_{૩૦}$ છે$_{૩૧}$!

૨. ચે$^{૧}$ત$^{૨}$ ગુ$^{૩}$જ$^{૪}$રા$^{૫}$તી$^{૬}$ ચે$^{૭}$ત$^{૮}$ વે$^{૯}$ચી$^{૧૦}$ ખા$^{૧૧}$શે$^{૧૨}$ આ$^{૧૩}$ દ$^{૧૪}$લા$^{૧૫}$લો$^{૧૬}$ ! **૩૧ અક્ષર**
તા$_{૧૭}$રી$_{૧૮}$ છે$_{૧૯}$ આ$_{૨૦}$ ભા$_{૨૧}$ષા$_{૨૨}$ અ$_{૨૩}$ને$_{૨૪}$ તા$_{૨૫}$રો$_{૨૬}$ અ$_{૨૭}$ધિ$_{૨૮}$કા$_{૨૯}$ર$_{૩૦}$ છે.$_{૩૧}$

## ૬. રોળા :-

- આ છંદની ૪૮ માત્રા છે.
- છંદમાં બે ચરણ છે.
- ચરણનો પહેલો ભાગ ૧૧ માત્રાનો, બીજો ભાગ ૧૩ માત્રાનો.
- છેલ્લા અક્ષર ગુરુ-દીર્ઘ-બે માત્રાના હોવા જોઈએ.

**દા.ત.** *અચળ કીર્તિને કાજ કોતરી રાખ્યા ધૂળમાં દેખો !*
*ઘસાઈ ભૂંસવા આજ દટાયા ધૂળમાં દેખો !*

- **વિશેષ માહિતી :-** રોળા નામના છંદ બબ્બે ચરણના ત્રણ જૂથ કરીએ તો છપ્પો બને. અખાના છપ્પા પ્રખ્યાત છે.

**૧. દા.ત.** *એક મૂરખને એવી **ટેવ**, પથ્થર એટલા પૂજે **દેવ***
*તુલસી દેખી તોડે **પાન**, પાણી દેખી કરે **સ્નાન***
*કહ્યું કશું ને સાંભળ્યું **કશું** આંખનું કાજળ ગાલે **ઘસ્યું** !*
(ગુરુ) (ગુરુ)

૨. *ધારમિક પરમુખ, મારમિક સહુ, ડા'પણ ડો'ળવા ચાલિયા બહુ*
*ખોદશે મડદાં, કરશે ચરચા, જીવતાં જણમાં એમને ન શરધા*
*લખશે અઘરું, બોલશે મઘરું, વાહ રે વા'! આ કેવું કાવતરું !*

## ૭. કુંડળિયા :

- આ છંદને ૧૪૪ માત્રા છે.
- આમ તો આ દોહરામાંથી નિપજે છે.

**દોહરાના ચોથા ચરણને ઉલટાવીને** પાંચમું ચરણ રચવાનું છે, ને અંતે આઠમા ચરણમાં પંક્તિ પૂરી થાય **છે. અંતિમ અક્ષર ગુરુ-દીર્ઘ- ૨ માત્રાનો છે.**

- **વિશેષ :-** આ **'ચારણી છંદ'**ના નામે પણ ઓળખાય છે.

**દા.ત.**

| | |
|---|---|
| ચરણ (૧) *ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ*[૨] | ૧ |
| ચરણ (૩) ***અણદીઠેલી ભોમ** પર, યૌવન માંડે આંખ*[૪] | ૨ |
| ચરણ(૫) ***આજ અણદીઠ ભૂમિ** તણે કાંઠડે* | ૩ |
| ચરણ(૬) *વિશ્વભરના યુવાનોની આંખો અડે* | ૪ |
| ચરણ(૭) *પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે* | ૫ |
| ચરણ૮ *ગરુડ શી પાંખ આતમ વિશે ઊઘડે.* | ૬ |

## ૮. ચોપાઈ :

- આ છંદની ચાર પંક્તિઓ (પાયા / ચરણ) છે.
- દરેક ચરણને ૧૫ માત્રા હોય છે. (કુલ ૬૦ માત્રા )
- દરેક ચરણના છેલ્લા બે અક્ષરો ગુરુ ને લઘુ હોય છે.

દા.ત. ૧. દ$^{૧}$રિ$^{૧}$યા$^{૨}$થી$^{૨}$ ડું$^{૨}$ગ$^{૧}$ર$^{૧}$ પ$^{૧}$ર$^{૧}$ જા$^{૨}$ય$^{૧}$ ૧૫માત્રા
*કેડી ત્યાં નાનકડી થાય* ૧૫માત્રા
*તરુવરો ત્યાં તો ઢોળે છાંય* ૧૫માત્રા
*ને ઠંડો વાયુ લ્હેરાય* ૧૫માત્રા
= ૬૦

૨. *જા તું એ ઋષિજનને યાચ*
*ઔષધ કંઈ તુજ બાળક કાજ*
*એહ સુણી આજે તુજ પાસ*
*આવુ હું ધરી મોટી આશ*

- તુલસીદાસનું હિન્દીભાષી રામાયણ ચોપાઈઓમાં જ રચાયું છે.

## ૯. સવૈયા એકત્રીસા :

*(દોહરાનો પ્રકાર છે.)*

- આ છંદના નામ પ્રમાણે ગુણ છે.
- એની ૩૧ માત્રા છે.
- છેલ્લો અક્ષર લઘુ-૧ માત્રાનો છે.

દા.ત. (૧) *રાતે વહેલા જે સૂઈ, વહેલા ઊઠે વીર*
*બળ - બુદ્ધિ ને ધન વધે સુખમાં રહે શરીર*

(૨) *કોટિ તણી સંખ્યાથી જોજો ફોગટ ગર્વ ન ધરશો બાળ*
*મને નવલ્લી પરવત્સોથી કરશો મા આખર બેહાલ*

## ૧૦. કટાવ :

- આ છંદને ૩૪ માત્રા છે.
- બે ચરણ છે.
- સળંગ-સાંકળકડીનું રૂપ વધારે ખિલાવી શકે છે.
- છેલ્લે અક્ષર લઘુ-હ્રસ્વ-૧ માત્રાનો છે.

દા.ત.

(૧) પુ$^{૧}$ષ્પ$^{૨}$ ત$^{૧}$ણી$^{૨}$ પાં$^{૨}$દ$^{૧}$ડી$^{૨}$એ$^{૨}$ બે$^{૨}$સી$^{૨}$ હ$^{૧}$સ$^{૧}$તું$^{૨}$ કો$^{૨}$ણ$^{૧}$ નિ$^{૧}$રં$^{૨}$ત$^{૧}$ર$^{૧}$ હા$^{૨}$સ$^{૧}$ ?

(૨) અંધી-ખંધી-મૂંગી-બ્હેરી-કાણાને કાણો ના કહેતી....

- ઉપરના માત્રામેળ છંદો, પારંપરિક રીતે પાઠ કરીએ, ગાઈએ તો તળપદું સંગીતત્ત્વ એમાંથી વધુ પ્રગટ થાય છે.
- તાલ, થડકાર અને ઝડઝમકના આ છંદો છે.
- જોમવંતા ભાવ પ્રગટ કરવા આ છંદો વાપરી શકાય.
- ગીતના આરંભે, વચ્ચે, અંતે છંદોબધ્ધ ટુકડા મૂકીને ભાવમાં વિવિધતા લાવી શકાય. સંદેશને અલગ તારવીને, સચોટ બનાવી શકાય.
- છંદો ઉપયોગી છે. વાપરવા જોઈએ.

## ૭. ઢાળ

ગીત માત્ર માત્રામેળ છંદમાં જ રચાય એવો નિયમ નથી. ગીત તો પારંપરિક ઢાળમાં જ રચાય છે. હા, આવાં ગીત જો છંદમાં હોય તો ચુસ્ત લાગે, એટલું જ.

- પારંપરિક ઢાળ તો સેંકડો છે. પ્રાંતે-પ્રાંતે અને કોમે-કોમે... અલગ અલગ સમુદાયને પોતપોતાના ઢાળ હોય છે. ક્યાંક ઢાળ તદ્દન આગવા હોય તો ક્યાંક બે પ્રદેશના કે એથીયે વધુ પ્રદેશના ઢાળ આશ્ચર્યજનક રીતે સરખા આવે!

  ગુજરાત-માળવા (મધ્ય પ્રદેશ) - રાજસ્થાન-પંજાબ-સિંધમાં દૂહા, રોળા, કુંડળિયા જેવા છંદ મળતા આવે છે. સેંકડો અન્ય પારંપરિક ઢાળ પણ એકમેકને લગભગ મળતા આવે છે.
- .....તો આપણા જ ગુજરાતના આદિવાસી વિસ્તારોના ઢાળ તળ ગુજરાતી કે કચ્છી-કાઠિયાવાડી કરતાં અલગ પડી જાય છે ને એના સાંધા મધ્યપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્રના આદિજાતિનાં ગીતોને વધુ મળતા આવે છે.
- પંડિતો આવા સમાન ઢાળનાં ઝૂમખાંને 'ઢાળ-કબીલા' [Tune Families] કહે છે.

આપણા કવિએ પોતાનાં લક્ષિત જૂથના ઢાળ-કબીલા જાણી લેવા જોઈએ. અથવા તો જો એ પોતે જે તે જૂથની જ ભાષામાં લખતા હોય તો પોતાની પારંપરિક ગીત-વ્યવસ્થાને ઘરડેરાં, શ્રમજીવીઓ, સ્ત્રીઓના સમુદાયમાં હળી-ભળીને જાણી લેવી જોઈએ - સાથે ગાતાં રહેવું જોઈએ - કાન સરવા રાખવા જોઈએ.

### અચૂક કરો

**કવિએ લખતાં પહેલાં ને લખ્યા પછી - પોતે જે કંઈ લખ્યું છે તે યોગ્ય રીતે ગવાય છે કે નહિ, તેની ચકાસણી અચૂક કરવી જોઈએ. એ પછી છંદમાં હોય કે પારંપરિક ઢાળમાં - જે તે લક્ષિત જૂથ પાસે, તેના એક-બે સભ્ય પાસે કે સંગીત અને પંરપરાગત ઢાળના જાણકાર પાસે ગવડાવી લઈને પોતાના ગીતના માપની-શિસ્તની ચકાસણી કરવી બિલકુલ આવશ્યક અને અનિવાર્ય બાબત છે. ગીતને નક્કર અને ચૂસ્ત બનાવવું એ દરેક ગીતકારની ફરજ છે.**

# ૮. અજમાવી જોજો !

આમ તો આપણી પાસે સેંકડો લોકઢાળની મૂડીનો ખજાનો છે. છતાં ક્યારેક જાણીતા કવિઓનાં, જાણીતાં ગીતના ઢાળ વાપરવાની પણ મજા છે. એક તો, એ બહુ પ્રચલિત હોવાથી સામેનાંને હૈયે વસી જાય - હોઠે ચડી જાય છે. ખાસ કરીને શિક્ષક - ગીતકારો માટે આવી જાણીતી કવિતાઓના ઢાળ અહીં સૂચવીએ છીએ. કદીક **અજમાવી જોજો !** તમારાં વિદ્યાર્થીઓ ફટાફટ ગાતાંગૂજતાં થઈ જશે.

| | (પંક્તિ) | (કવિતા) |
|---|---|---|
| ૧. | ખારાં ખારાં ઊસ જેવાં, આછાં આછાં તેલ ! | ['મહાસાગર'] [કવિ : ત્રિભુવન વ્યાસ] |
| ૨. | ઘોર અતિ વંકી ધરતી ને.... | ['ગીરના જંગલ'] [કવિ : ત્રિભુવન વ્યાસ] |
| ૩. | ચૌદ વરસની ચારણકન્યા..... | ['ચારણ કન્યા'] [કવિ : ઝવેરચંદ મેઘાણી] |
| ૪. | ભીંતે ઝુલે છે તલવાર ! | ['તલવારનો વારસદાર'] [કવિ : ઝવેરચંદ મેઘાણી] |
| ૫. | અમે ખેતરથી, વાડીએથી...... | ['કરાલ કાળ જાગે !'] [કવિ : ઝવેરચંદ મેઘાણી] |
| ૬. | ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા.... | ['ભોમિયા વિના'] [કવિ : ઉમાશંકર જોષી] |
| ૭. | રામસભામાં અમે...... | ['ભજન-પારંપરિક'] [કવિ : નરસિંહ મહેતા] |
| ૮. | રક્ત ટપકતી સો સો ઝોળી.... | ['કોઈનો લાડકવાયો'] [કવિ : ઝવેરચંદ મેઘાણી] |
| ૯. | જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં... | ['કસુંબીનો રંગ'] [કવિ : ઝવેરચંદ મેઘાણી] |
| ૧૦. | મન મોર બની થનગાટ કરે... | ['નવી વર્ષા'] [કવિ : ઝવેરચંદ મેઘાણી] |

# ૯. ચેતતાં રહેજો !

આપણાં ગીતો લખવાની હોંશ હોય-હામ હોય- આવડત હોય અને તક પણ હોય.... ત્યારે આપણે વધારે સાવધ રહેવાનું છે. મિત્રોને થોડાં સૂચન :

૧. માસ્તરવેડાથી બચજો! લાંબી લાંબી શિખામણો ગીતમાં દેવા બેસતાં નહિ !

૨. ગીતની લંબાઈ માફકસરની રાખજો ! બહુ લાંબાં ગીત યાદ નથી રહેતાં, ટકી નથી શકતાં !

૩. શણગારેલી ભાષા કે ભારેખમ શબ્દોના ઠઠારાથી આઘાં રહેજો ! સાદી - સરળ ભાષા ઝટ સમજાય - ઝટ પચી જાય - ઝટ હોઠે ચડી જાય - ઝટ હૈયે વસી જાય.

૪. તમારા અનુભવોને અને લાગણીઓને પ્રામાણિકપણે રજૂ કરજો ! સાચુકલાં ગીતોની જરૂર છે આ સમાજને.

૫. શિક્ષક મિત્રોને ખાસ કહેવાનું કે બાળકો, બાળકો છે. તેમનાં બાળપણને છિનવે તેવો ભાર એમને માથે ના નાખતાં !

૬. અલ્પશિક્ષિત પ્રૌઢો માટે લખનારાં ગીતકારોને ખાસ કહેવાનું કે પ્રૌઢો, પ્રૌઢ છે; તેઓ નિરક્ષર હોઈ શકે પણ ઉંમરમાં બાળક નથી. એમને માટે છીછરાં - રમૂજી 'બાળગીત' રખે લખતાં !

૭. ''તણું-કેરું-કાજે'' જેવા જૂના થઈ ગયેલા બોલચાલમાં ન વપરાતા હોય તેવા શબ્દો નાછૂટકે જ વાપરજો ! ગીતોની ભાષામાં તાજગી અને બોલાતી ભાષાનો વેગ હોય તો જ વાત 'પોતીકી' લાગે !

# ૧૦. નવેસરથી

'આપણાં ગીતો' માટે આપણે મોટેભાગે, ગીત, પદ, દૂહા, છંદ, રાસડા, ગરબા, ભજન જેવાં જાણીતાં રૂપો વાપરતાં આવ્યાં છીએ. એ સિવાય પણ આપણા લોકવારસામાં બીજાં અનેક રૂપો છે, જેને હજી સુધી આપણે અડક્યાં નથી. આવો, એ દરેકની ખાસિયત-ખૂબી જોતાં જઈએ અને એને કેવી રીતે 'આપણાં ગીત' માટે વપરાય એ તપાસતાં જઈએ... નવેસરથી !

## ૧. બારમાસી :

આપણી પરંપરામાં, વિરહિણી સ્ત્રીની વેદના વર્ણવવા આ કાવ્યપ્રકાર વપરાતો હોય છે. પતિ 'પરદેશ' હોય - કમાવા ગયો હોય ને યુવાની વિતતી જતી હોય એવી વેળાએ કોડીલી પત્ની કેમ કરીને બારે મહિના વિતાવતી હશે એનાં ગીત હોય છે:

*"અધિક માસ વળી આવિયો, તેથી ઉપજ્યો ત્રાસ*
*વળી એ કેવો વીતશે, વીત્યા બારે માસ !"*

**હવે નવેસરથી** આ **બારમાસી** કાવ્યરૂપને આપણા વિસ્તારનું પર્યાવરણ વર્ણવવા ન વપરાય ? આપણા વિસ્તારમાં બારે મહિના લોકજીવન કેમ કરીને જાય છે, ને શ્રમજીવીઓ કેવી કેવી વિપદા વેઠે છે તે વર્ણવવા; સરકાર કે સમાજના કાને આવી વાત સચોટ રીતે પહોંચાડવા આ જ કાવ્યરૂપ **નવેસરથી** ન વપરાય ? વિચારી જોજો!

## ૨. એવા જ છે 'મહિના':

એક એક મહિનાનું પ્રકૃતિવર્ણન અને તે દરમ્યાન સ્ત્રીપુરુષની પ્રેમની પીડાનું વર્ણન કરવા, આપણી પરંપરામાં -સંસ્કૃત ભાષામાં પણ 'મહિના'ના કાવ્યો લખાતાં ; આપણે આમ એક એક 'મહિનો' લઈને આપણા 'ઈશ્યૂઝ', કાર્યક્ષેત્રની સાથે સાંકળીએ તો ?

*કારતક મહિનો કામણો ને નવ શોભે શણગાર*
*માગશર મહિને મેલી ગયા મુંને એકલડી મોઝાર...આણાં.*

## ૩. ઉખાણાં :

ફક્ત બાળકોની ગમ્મત ખાતર જ 'ઉખાણાં' પૂછાય એવું થોડું છે ? આપણા મુદ્દા-આપણી મુસીબતોને દાઢમાં વર્ણવીને - કેવો સમાજ એ આપને દૂર કરશે એવું ઉખાણું ના પૂછાય ? અથવા તો દા.ત. બહેન ઉપર થયેલા અત્યાચારની વાત કરીને, એ માટે કયો કાયદો છે ? કઈ કલમ લાગુ પડી શકે ?.... એવા કાયદાકીય શિક્ષણ માટે ઉખાણાં ન વપરાય ?

## ૪. ફટાણાં :

લગ્નપ્રસંગે વડીલોની ને વેવાઈઓની ખટમીઠી મજાક કરવા ફટાણાં ગવાય છે એ જગજાહેર છે. પણ એવાં જ ફટાણાં આપણી પોલિસ-આપણા વહીવટી અધિકારીઓ-આપણા મંત્રીઓ ને સત્તાધારીઓના નામે ના ગવાય ?

## ૫. હૂડા :

ભર બપ્પોરે વડના ઝાડ નીચે-લાકડીના ટેકે ઊભેલા ભરવાડ ભાઈઓ સમય પસાર કરવા સામસામા 'હૂડા' ફેંકતા હોય છે. આપણી ચર્ચા-સભાઓ, મુદ્દાની મીટીંગો માટે કાર્યકર-કવિઓ આવા 'હૂડા' રચે તો ?...

*મામા કે' છે ભાણેજને*
*તું વાત જાને ભૂલી.....*
*આ રાજ થયું કોંગરેસનું*
*ઈ ખેરી નાખશે થૂલી !*

સામેનો વળતો હૂડો છે:

*નકટો ગયો મામા પાસે*
*લો કડલાં ને કાંબી;*
*કાંબી લ્યો ને નાણું દેજો*
*નજરું તમારી લાંબી !*

## ૬. શ્રમિક ગીત :

*ઘંટી મારી આરણકારણ રે*
*ઘંટી મારી હૈયાધારણ રે..*

આવાં અસંખ્ય ગીતો છે, જે શ્રમજીવીઓનું વર્ણન કરે છે - વેદનાને વાચા આપે છે. આપણા કવિઓ નવાં શ્રમિકોના નવાં ગીતો રચે ને એમના પ્રશ્નોને રજૂ કરે તો ? જેમ કે બંધ મિલનો બેકાર મજૂર, હીરાઘસુ, બાંધકામ કરતો આદિવાસી, માટી સારતી મજૂરણ.... વગેરે આમાં શહેરી ગરીબોનેય શામેલ કરાય.

## ૭. વડચડ :

આ પારંપરિક સંવાદગીતો છે. જેમ કે :

*લવિંગ કેરી લાકડિયે રામે સીતાને માર્યાં જો !*
*ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો !*

ને પછી ક્રમશઃ આ વઢવાડ વધતી જાય. આપણા કવિઓ આ રૂપને પ્રશ્નથી ઘેરાયેલી ગરીબ વ્યક્તિ અને સામે સરકારી અધિકારી, કે એવું કોઈ 'જોડકું' બનાવી સંવાદગીત રચી શકે.

## ૮. પાંચીકડાં :

પાંચ-પાંચ લીટીનાં આ ગમ્મતગીતો, કોઈની ટીકા હસતાં રમતાં કરવા ગવાય છે. આપણાં કવિઓ પણ અંધશ્રદ્ધા, ભ્રષ્ટાચાર જેવા મુદ્દાની ઠેકડી કરવા આ પ્રકાર વાપરી શકે !

*સારું ગામ સરવેડી*
*ને પાદર ઝાઝા કૂવા,*
*બાયું એટલી ભક્તાણી*
*ને આદમી એટલા ભૂવા !*
*હરિ તારાં પાંચકડાં ગાવીં,*
*પ્રભુના ટાંટિયા ઝાલીં.*

## ૯. ભડળી :

ભડળી વાક્યો દ્વારા મોસમની આગાહી, પ્રાદેશિક પર્યાવરણ, ચોમાસાનો વરતારો અને તેથી કરીને પાકની આગાહી કરવામાં આવે છે. કૃષિજીવન સાથે સંકળાયેલી આ માત્ર જ્યોતિષની અંધશ્રદ્ધા નથી; પર્યાવરણીય આવલોકનવાણી પણ છે.
*['ગુજરાત સમાચાર'માં રોજે રોજ મૂકાય છે.]*

*રાતે બોલે કાગડા, દહાડે રુવે શિયાળ,*
*તો ભડલી એમ જ કહે, નિશ્ચે પડશે કાળ !*

આપણા કવિઓ પર્યાવરણીય ચેતવણી માટે આ પ્રકાર વાપરી શકે. પાક, વરસાદ, વૃક્ષછેદન.... વગેરે મુદ્દા વણી લેવાય.

## ૧૦. ડીંગ :

આમ તો આ રમૂજી ગીત-પ્રકાર છે. સાંકળકડી જેવી લીટીઓ જોડાતી જાય અને ગીત આગળ વધતું જાય :

*.......પીંછું મેં પાદ્શા'ને આપ્યું*
*પાદ્શા'એ મને ઘોડો આપ્યો*
*ઘોડો મેં બાવળિયે બાંધ્યો*
*બાવળે મને શૂળ આપી.....*

આપણે વહીવટીતંત્રની અકળ સાંકળ વર્ણવવા, કોરટકચેરીના ધક્કાની વિટંબણા વર્ણવવા આવા ડીંગ વાપરીએ તો લંબાણ પણ સહી શકાય અને કટાક્ષમાં આપણે જે 'તૂત' વર્ણવવું છે તે વર્ણવી શકાય.

***આ તો થોડાંક અવનવાં રૂપો તરફ આંગળી ચિંધી છે. મિત્રોને આનાંથીયે વધુ સૂઝે તો આવકારપાત્ર છે. આપણું કામ તો આપણી વાતને વધુમાં વધુ રસપ્રદ રીતે-સચોટ રીતે લાંબી અસર પહોંચે એવી રીતે પહોંચાડવાનું છે; એમાં જેટલા અવનવા પ્રયોગો કરીએ એટલા ઓછા !***